R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 23•ISSUE: 09/10 DATE: 9-03-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## અયોધ્યા વિવાદ હવે મધ્યસ્થીઓથી ઉકેલાશે : આ મુદ્દે સુપ્રીમે ત્રણ સભ્યોની પેનલની રચના કરી :લોકસભાની ચુંટણી પછી કેસ ધ્યાનમાં લેવાશે

સુપ્રીમ કોર્ટે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ-બાબરી મસ્જીદ જમીન મામલે મધ્યસ્થી મારફતે ઉકેલનો માર્ગ અપનાવ્યો છે.આ માટે ત્રણ વ્યક્તિઓની પેનલની રચના કરી છે.પાંચ જજોની બંધારણીય બેન્ચે પુર્વ જસ્ટીસ ઈબ્રાહીમ કલીકુલ્લા, આર્ટ ઓફ લીવીંગના શ્રી શ્રી રવિશંકર, અને વરિષ્ઠ વકીલ શ્રી રામ પંચુની પેનલ બનાવી છે. અયોધ્યામાં શરુ થનારી મધ્યસ્થીની કાર્યવાહીના મીડીયા રિપોર્ટીંગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.મધ્યસ્થ પેનલની કાર્યવાહી એક અઠવાડીયામાં શરુ થશે અને સુપ્રીમે આઠ અઠવાડીયામાં પોતાના રીપોર્ટ સોપવા પેનલને કહ્યુ છે. આમ હવે અયોધ્યામાં રામ મંદિરનો મુદ્દો લોકસભાની ચુંટણી પછી આવશે.

સુપ્રીમે મુસ્લીમ અને હિન્દુ પક્ષકારો વચ્ચે વાતચીત થકી વિવાદનો ઉકેલ લાવવાનો આદેશ કર્યો છે. ઉલ્લેખનીય છે કે છઠ્ઠી ફેબ્રુઆરીએ મધ્યસ્થતા પર સુપ્રીમ કોર્ટમાં દોઢ કલાક સુધી સુનાવણી થઈ હતી.અને બંન્ને પક્ષોએ કોર્ટમાં પોતાની દલીલો રજુ કરી હતી.એ પછી સુપ્રીમે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો.પરંતુ કોર્ટના ચુકાદાથી સ્પષ્ટ થઈ ગયું છે કે હવે અયોધ્યા કેસમાં કોર્ટ નિર્ણય નહીં આપે અને તેનો ઉકેલ મધ્યસ્થતા થકી આવશે.

મુખ્ય ન્યાયમુર્તિ રંજન ગોગોઈના અધ્યક્ષપદ ધરાવતી પાંચ સભ્યોની બંધારણીય બેન્ચે પોતાના આદેશમાં કહ્યુ કે મધ્યસ્થતા માટે રચાયેલી સમિતિના અન્ય સભ્યોાં આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઓફ લીવીંગના સંસ્થાપક શ્રી શ્રી રવિશંકર અને પ્રખ્યાત મધ્યસ્થ વરિષ્ઠ વકીલ શ્રી પંચુ સામેલ છે. જો કે જાણવાની વાત એ છે કે સુપ્રીમે નીમેલા ત્રણેય સભ્યો તામિલનાડુ ના છે જ્યાં અયોધ્યા વિવાદનો કોઈ ખાસ પડધો પડે તેમ નથી. બેન્ચના અન્ય સભ્યોમાં જસ્ટીસ એસ એ બોબડે,જસ્ટીસ ધનંજય ચંદ્રચુડ,જસ્ટીસ અશોક ભુષણ, અને જસ્ટીસ એસ. અબ્દુલ નઝીર સામેલ છે. બેન્ચે નિર્દેષ કર્યો છે કે મધ્યસ્થતા સમિતિ પોતાની કાર્યવાહીની સ્ટેટસ રિપોર્ટ ચાર અઠવાડીયામાં કોર્ટને આપશે.કોર્ટે કહ્યુ છે કે મધ્યસ્થતાની પક્રિયાની સફળતા સુનિશ્ચિત કરવા માટે તેની કાર્યવાહી બંધ રુમમાં થશે. અને આઠ અઠવાડીયામાં તે પુર્ણ કરવાની રહેશે. આ ગાળામાં કોર્ટે અયોધ્યા કેસમાં મુખ્ય પક્ષકારોના મૌખિક અને દસ્તાવેજી પુરાવાના અનુવાદનું અવલોકન કરવાની મંજુરી આપી છે.

બેન્ચે કહ્યુ હતું કે આથી અમે એવો આદેશ કરીએ છીએ અને પક્ષકારો દ્વારા બતાવવામાં આવેલા નામોને ધ્યાનમાં રાખીને મધ્યસ્થતા માટે જસ્ટીસ(સેવા નિવૃત)ક ફકીર મોહમંદ ઈબ્રાહીમ કલીકુલ્લાને અધ્યક્ષ અને શ્રી શ્રી રવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પંચુને તેના સભ્ય બનાવીએ છીએ.કોર્ટે નિર્દેશ આપ્યો છે કે મધ્યસ્થતાની કાર્યવાહીની સફળતાને સુનિશ્ચિત કરવા માટે તેની કાર્યવાહીમાં સંપુર્ણ ગુપ્તતા હોવી જોઈએ અને મધ્યસ્થ તેમજ પક્ષકારોના વિચાર ગુપ્ત રાખવા જોઈએ. અને કોઈ પણ વ્યક્તિને તેની જાણકારી ન આપવી જોઈએ.બેન્ચે ઉમેર્યું હતું કે અમારી સલાહ છે કે જ્યાં સુધી મધ્યસ્થતાની કાર્યવાહી ચાલી રહી છે તો કોઈપણ મીડીયા (પ્રિન્ટ કે ઈલેકટ્રોનિક્સ)ને તેની કાર્યવાહીનું રિપોર્ટીંગ ન કરવું જોઈએ.બેન્ચે કહ્યુ કે સમિતિ પોતાની ટીમમાં વધુ સભ્યોને સામેલ કરી શકે છે. અને જો કોઈ પ્રકારની મુશ્કેલી આવે છે તો સમિતિના વડા સુપ્રીમ કોર્ટની રજીસ્ટ્રીમાં તે અંગેની જાણ કરશે.કોર્ટે કહ્યુ હતું કે તેનું માનવું છે કે આ મામલો મુળતઃ જમીન સબંધિત નથી પરંતુ ધાર્મિક ભાવનાથી જોડાયેલો છે.

## દેશભક્તિ એક પાર્ટીનો ઇજારો નથીઃ રાજકીય વિરોધીઓને રાષ્ટ્રના વિરોધીઓ ના કહી શકાયઃ શિવસેના

ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં ભાજપની ટીકા કરતાં કહ્યુ હતું કે દેશભક્તિ કોઈ પણ એક પાર્ટીનો ઈજારો નથી.અને ખોટી રીતે લોકોને ફક્ત એટલા માટે રાષ્ટ્વિરોધીઓ કહેવા કે તેઓ રાજકીય વિરોધી છે. એ અભિવ્યક્તિની આઝાદીના હનન સિવાય કશુંજ નથી.

શિવસેનાનું આ નિવેદન હવાઈ હુમલાના રાજનીતીકરણને લઈને ચાલી રહેલાં વિવાદની પૃષ્ઠભુમિમાં આવી છે. ઉદ્દવ ઠાકરેની નેતૃત્વવાળી પાર્ટીએ પોતાના સામના મુખપત્રના સંપાદકીય લેખમાં કહ્યુ કે દેશભક્તિ કોઈ એક પાર્ટીનો ઈજારો નથી.અમને પરેશાની થાય છે કે નેતા એ કેવી રીતે સમજશે કે આ કાર્યવાહી (હવાઈ હુમલા)એમનુ(સૈનિકો)નું કર્તવ્ય હતું.નહીં કે કોઈ કામ કે જે એમને કહેવામાં આવ્યું હોય . શિવસેનાએ દિલ્હી ભાજપના પ્રમુખ મનોજ તિવારી દ્વારા તાજેતરમાં એક રેલીમાં સેનાની વેશભુષા ધારણ કરવાનો આધાર લઈને કહ્યુ કે હવાઈ હુમલાના પુરાવા માંગ જેટલી અયોગ્ય છે એટલુંજ વોટ માટે સેનાની વર્દી પહેરીને તેમની વેશબુષા ધારણ કરનાર લોકોનું આચરણ અયોગ્ય છે.આ સૈનિકો અને એમના શોર્યનું અપમાન છે.શિવસેનાએ એમ



પણ કહ્યુ હતું કે ભાજપના નેતા સૈનિકોની વર્દી પહેરે એનાથી વિપક્ષના એ આરોપો મજબુત થાય છે કે ભાજપ હવાઈ હુમલાનો રાજકીય ઉપયોગ કરી રહ્યું છે.

## વર્તમાન રિઝર્વ બેન્કના ગર્વનર દાસે નોટબંધીને નકામી ગણાવી હતી :આરબીઆઇએ નોટબંધીનો વિરોધ કરતાં સરકારને ચેતવી હતી

2019 લોકસભા ચુંટણી પહેલાં સત્તાધારી ભાજપને નોટબંધી અંગે કોગ્રેસ સહિતના વિપક્ષોએ અવારનવાર ઘેરી છે.ત્યારે એક આરટીઆઈના જવાબમાં એવો ખુલાસો થયો છે કે ૨૦૧૬માં જ્યારે નોટબંધીની ઘોષણા થઈ ત્યારે વડાપ્રધાન મોદીને ત્યારના આરબીઆઈના કેટલાક ડિરેક્ટર્સે આ નિર્ણય સાથે તેઓ સંમત નથીની જાણકારી આપી હતી. તેમજ આ બાબતે કેટલાક ગંભીર પરિણામો આવી શકે છે તે બાબતે તેમનો સુર વ્યક્ત કર્યો હતો.નોટબંધી અંગે અસમંતિ દર્શાવનારા આરબીઆઈ ડિરેક્ટર્સમાં આરબીઆઈના વર્તમાન ગર્વનર શક્તિકાંત દાસ પણ સામેલ હતા.જેમણે આર્થિક વિકાસમાં સરકારને નકારાત્મક અસરોનો સામનો કરવો પડશે તેવી ગંભીર ચેતવણી આપી હતી. તેમજ કાળા નાંણાને ડામવાના દુષણને ડામવામાં ધારી સફળતા નહીં મળે તેવી પણ વાત કહી હતી. આ ખુલાસો આરટીઆઈ એક્ટિવિસ્ટ વંકેટશ નાયકે કરેલી એક આરટીઆમિાં થયો છે.તેમણે કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટિવની વેબસાઈટ પર નોટબંધી ધોષિત થયા અગાઉની મીટીંગની મિનિટ્સ પોસ્ટ કરી છે.

૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ વડાપ્રધાન મોદીએ અચાનક ટેલિવિઝન પ ર રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની ચલણી નોટ રદ કરવાની ધોષણા કરી હતી. એ અગાઉ અઢી કલાક સુધી આરબીઆઈ બોર્ડની મીટીંગ ચાલી હતી. એ સમયે આરબીઆઈના કેટલાક ડિરેક્ટર્સ સરકારના વિચાર સાથે સંમત નહતા.જ્યારે નોટબંધીના એલાન પાછળ સરકારનો હેતુ કાળા બજારના નાણાં ખતમ કરવાનો હતો.જો કે આરબીઆઈના અસંમત ડિરેકટર્સે પછી જનહિતમાં લેવાયેલું આ પ્રશંસનીય કદમ હોવાનું જણાવ્યુહતું.

નોટબંધી અગાઊ આરબીઆઈ બોર્ડની મીટીગની મિનિટ્સ તત્કાલિન આરબીઆઈ ઉર્જિત પટેલ,તત્કાલિક ઈકોનોમિક એફેર્સ સેક્રેટરી શશિકાંત દાસની હાજરીમાં રેકોર્ડ કરાઈ હતી.બોર્ડ મીટીંગમાં એ સમયે ફાઈનસિયલ સેક્રેટરી અંજુલી ચીબ દુગ્ગલ તથા આરબીઆઈ ડેપ્યુટી ગર્વનર આર.ગાંધી અને એસ એસ.મુંદ્રા સામેલ હતા.નોટબંધીની ઘોષણા વખતે વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે નોટબંધીનો હેતુ કાળા નાણાં દુરકરાવાનો છે.અને નકલી નોટોનો નાશ કરવાનો છે. એ ઉલ્લેખનીય છે કે ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની રુ.૧૫.૪૧લાખ કરોડની ચલણી નોટો સરક્યુલેશનમાં હતી.જેમાંથી ૫૦ દિવસમાં રુ.૧૫.૩૧લાખ કરોડની નોટો બેન્કોમાં પરત જમા થઈહતી. માત્ર રુ.૧૦૭૨૦કરોડની બનાવટી નોટો બેન્કીગ સિસ્ટમમાં પરત આવી નહોતી. આમ ૯૯.૯ ટકા ચલણી નોટો બેન્કોમાં જમા થતાં સરકારના કાળા નાણાંને બહાર લાવવાની કોશીશ સામે સવાલ સર્જાયો હતો. સરકાર અને આરબીઆઈ વચ્ચે છ મહિનાથી ચર્ચા ચાલી રહી હતી.

## પેટ્રોલ પંપ પર ચુકવાયેલી નોટોનો કોઇ આંકડો નથી

આરબીઆઈએ કહ્યુ છે કે નોટબંધી દરમિયાન પેટ્રોલ પંપ,રેલ્વે સ્ટેશન પર ટિકીટ અને વીજળી-પાણી વગેરેના બિલોની ચુકવણીમાં લોકોએ ઉપયોગમાં લીધેલી રુ.૫૦૦ અને રુ.૧૦૦૦નીરદ નોટો વિશે તેમની પાસે કોઈ આંકડો નથી.નોટબંધીની જાહેરાત બાદ લોકોને સરળતા મળે માટે સરકારે ૨૩ સેવાઓના બિલોની ચુકવણીમાં રદ કરાયેલી નોટોનો ઉપયોગ કરવાની છુટ આપી હતી.એવું મનાય છે કે આ પેમેન્ટ્સ દ્વારા રદ ચલણી નોટો મોટી સંખ્યામાં ફરી બેન્કોમાં પરત આવી હતી.આરબીઆઈએ એમ પણ કહ્યુ હતું કે તેની પાસે વીમા પોલીસી જેવા કેવાયસીને અનુરુપ ઉત્પાદનો ખરીદવામાં ઉપયોગમાં લેવાયેલી જુની નોટોની સંખ્યાની જાણકારી નથી.આરબીઆઈએ આરટીઆઈનો બેક ભાગ વીમા નિયામક ઈરડાને પણ મોકલ્યો છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પુલવામાં થયેલા હુમલામાં દેશના ૪૦થી વધુ જાબાંઝ સૈનિકોની હત્યા થાય અને ત્યાર બાદ દેશની સરકાર આ બાબતનો બદલો લેવા માટે હુમલો કરે ત્યારે હુમલામાં થયેલું નુકશાન જાણવાનો દેશને હક છે તે માટે વિપક્ષી દળોએ કેન્દ્રની સરકાર પર સવાલો પેદા કર્યા. પરંતુ કેન્દ્રની સરકારને પોતાની ગતિવિધિઓ પર કોઈપણ સવાલ પેદા કરે તે છેલ્લા ચારવર્ષમાં ગમ્યું નથી અને તેના માટે તેમની વિવિધ સંસ્થાઓના કાર્યકરો સોશ્યલ મીડીયા પર તેમજ વ્યક્તિગત શારિરીક હિંસા પર ઉતરી આવીને દેશમાં ભયજનક વાતાવરણ ઉભુ કરવાનો પ્રયત્ન કર્યો છે તે સહુ કોઈની નજર સમક્ષ છે. અસહિષ્ણુતા બાબતે જે લોકોએ પ્રયત્ન કર્યો તેમને સહન કરવું પડ્યું છે.વિપક્ષી પાર્ટીઓ પછી હવે શિવસેના જે તેમની સહયોગી પાર્ટી છે અને મહારાષ્ટ્રમાં સરકારમાં ભાગીદાર છે તેમણે એરસ્ટ્રાઈક પર સવાલો પેદા કર્યા છે.સામના જે શિવસેનાનું મુખપત્ર છે તેના સંપાદકીયમાં લખાયું છે ક દેશવાસીઓને આ એરસ્ટ્રાઈક અંગે જાણવાનો પુરેપુરો અધિકાર છે.પુલવાના હુમલા બાદ પાકિસ્તાન ઓક્યુપાઈ કાશ્મીરમાં ભારતીય વાયુસેનાએ કરેલા હુમલા અંગે કેટલાક રાજકીય વિવાદો સર્જાયા છે.કોંગ્રેસ સહિત અનેક વિપક્ષી દળોએ આ બાબતે પુરાવા માંગ્યા છે.પુરાવા માંગવામાં હવે શિવસેનાનું નામ પણ જોડાયું છે.

શિવસેનાએ કહ્યુ છે કે દેશવાસીઓને એ વાતનુ સત્ય જાણવાનો હક્ક છે. શિવસેનાએ કહ્યુ છે કે દેશવાસીઓને એ જાણવાનો અધિકાર છે કે આપણે દુશ્મનના ઘરમાં કેટલું નુકશાન પહોચાડ્યું છે. અને એવું નથી લાગતું કે આ પ્રકારના સવાલ પુછવાથી સેનાના જવાનોનું મનોબળ નબળું પડે.સંપાદકીયમાં લખાયું છે કે અનેક મામલે વડાપ્રધાન ઈમોશનલ થઈ જાય છે પણ આ વખતે વડાપ્રધાનની આંખમાં આંસુ જોવા ન મળ્યા.આ વખતે તેઓ વધુ ખુશ જોવા મળ્યા.એક તરફ જયારે પાકિસ્તાન સામે જંગનો માહોલ હતો તો બીજી તરફ પીએમ મોદી રેલીઓ જ સંબોધિત કરી રહ્યા હતા.

એરસ્ટ્રાઈક્સ પછી વિપક્ષો પાસેના મોંઘવારી,બેકારી,રફાલ ડીલ સહિતના અનેક મુદ્દાઓ ખતમ થઈ ગયા લાગે છે.સહુકોઈ એરસ્ટ્રાઈકની વાતોમાં લાગેલા છે.જો કે શિવસેનાએ હાલમાં ભાજપ સાથે ચુનાવી ગઠબંધન કર્યુ અને સાથે મળીને લોકસભાની ચુંટણી લડવાની તૈયારી દાખવી છતાં પણ જયારે તક મળે ત્યારે તેઓ ભાજપની નબળી બાબતો પર જોરદાર હુમલો કરે છે.મહારાષ્ટ્રમાં ભાજપ ૨૫ અને શિવસેના ૨૩ સીટો પર ચુંટણી લડશે.પરંતુ જો તેઓ ચુંટણીમાં પણ ભાજપની નબળી બાબતોને ઉજાગર કરતા રહેશે તો ભાજપ માટે ચુંટણીમાં કપરા ચઢાણ ચઢવાનો વારો આવશે.

## મંતવ્ય

યુધ્ધના મોરચે આપણે ભલે પાકિસ્તાન સામે સફળ રહ્યા,પરંતુ આતંકવાદના મામલે આપણે નિષ્ફળ રહ્યા છે. એનડીએના શાસન કાળ દરમિયાન ૧૧૦૦ જેટલી વાર યુદ્ધ વિરામનો પાકિસ્તાન દ્વારા ભંગ કરવામાં આવ્યો.કાશ્મીરમાં આતંકવાદીઓ સીમા વટાવી ગયા,કારણકે આપણી નીતિઓ નિષ્ફળ ગઈ અને લોકોનો સહકાર દેશ વિરુધ્ધ પ્રવૃત્તિ કરનારાઓને મળ્યો.તાજેતરમાં થયેલ પઠાણકોટની ઘટના બાદ બહાર આવેલી કેટલીક બાબતો અંગે આપણી નિષ્ફળતા માટેઆપણે કેટલા જવાબદાર છીએ તે બતાવે છે.માત્ર થોડાક રુપીયા લઈને જો આવા ક્ષેત્રોમાં તમને ઘુસવાની પરમીશન મળી જતી હોય તો પછી તો બીજાઓ માટે તે કેટલી સરળ બની જાય.એરબેઝ વિસ્તારમાંથી જ આતંકીઓને સાથ સહકાર મળતો હોય તો દેશની આંતરીક સુરક્ષા વ્યવસ્થા જાળવનારાઓની ફરજ બની જાય છે કે આપણે ત્યાં છુપાયેલા ગદ્દારોને શોધી કાઢે.જયાં સુધી ગદ્દારો હશે ત્યાં સુધી હુમલાઓ થતા રહેશે અને તેનો કોઈ વિકલ્પ નથી.તાજેતરમાં પુલવામાં થયેલા આતંકવાદી હુમલામાં ૪૪થી વધુ સૈનિકો શહીદ થઈ ગયા.આપણી શાસન વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા બોદી સાબિત થઈ.૩૫૦કીલો આરડીએક્સ ચુસ્ત બંદોબસ્ત પછી પણ ઘુસી ગયો.

મહેશ પરીખ


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# લોકસભાની ચુંટણી પહેલા ગુજરાત સરકાર વતી નાણાંમંત્રી નીતિન પટેલે વિધાનસભામાં સંપુર્ણ બજેટના બદલે લેખાનુંદાન રજુ કર્યું

લોકસભાની ચુંટણી પહેલા ગુજરાત સરકારના નાણાંમંત્રી નીતીન પટેલે વિધાનસભામાં સંપુર્ણ બજેટને બદલે લેખાનુદાન રજુ કર્યુ હતું. ૨૦૧૯ની લોકસભાની ચુંટણીના કારણે કેન્દ્ર સરકારે પણ સંપુર્ણ બજેટને બદલે વચગાળાનું બજેટ રજુ ક્યુ હતું.જેના પગલે ગુજરાત સરકારે પણ વિધાનસભામાં એપ્રિલ,મે,જુન,જુલાઈના ચાર માસના વહીવટી ખર્ચ તથા ચાલુ યોજનાઓના ખર્ચને પહોચી વળવા માટે લેખાનુદાન રજુ કર્યુ હતુ.ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૯-૨૦ માટેના વાર્ષિક બજેટનું કુલ કદ ૧,૯૧,૮૧૭ કરોડનું દર્શાવ્યું હતું.તેમાંથી તેઓ ચાર માસ દરમિયાન લેખાનુદાન પેટે કુલ ૬૩,૯૩૯ કરોડનો ખર્ચ કરશે.સામાન્ય રીતે લેખાનુદાનમાં સરકાર દ્વારા કોઈ નવી જાહેરાતો કે રાહતો જાહેર કરાતી નથી. પરંતુ સરકારે ખેડુતોના હિતમાં, સામાજિક-આર્થિક સશક્તિકરણ ક્ષેત્રે, આંતરમાળખાકીય સવિધાઓ વધારવા સહિતની વિવિધ બાબતોને ધ્યાનમાં રાખીને સંખ્યાબંધ રાહતમાં વધારો કરતી જાહેરાત કરી છે.

# ઈન્ડેન્ટ એલપીજી ના ૬૭ લાખ ગ્રાહકોના આધાર ડેટા લીક થયો હોવાનો ફ્રેન્ચ હેકરનો દાવો

ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનની માલિકીની એલપીજી બ્રાન્ડ ઈન્ડેન સાથે સંકળાયેલા ડીલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર પાસે સંગ્રહ થયેલા લાખો આધાર નંબર અને તેમની સાથે સંકળાયેલી માહીતી લીક થઈ હોવાનો દાવો કરતાં એક ફ્રેન્ચ રિસર્ચરે જણાવ્યુ હતું કે મે સુરક્ષામાં રહેલી મોટી ખામી શોધી કાઢી છે.એલીયોટ ઓલ્ડરસનના ઓનલાઈન હેન્ડલ સાથે સંકળાયેલ અને ભુતકાળમાં પણ આધારની માહીતી લીક થવાનો દાવો કરનાર બાપ્ટિસ્ટ રોબર્ટે લખેલા એક બ્લોગમાં જણાવ્યુ હતુ કે ઈન્ડેનના ૬૭ લાખ ડીલર્સ અને ડિસ્ટ્રીબ્યુટરના ફક્ત માન્ય યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા જ મળી શકે તેવા આધાર ડેટા ઉઘાડા પડી ગયા છે.ઓલ્ડરસને જણાવ્યુ હતું કે લોકલ ડીલર્સ પોર્ટલમાં ઓર્થેન્ટિકેશન ન હોવાથી ઈન્ડેન ગ્રાહકોના આધારનંબર,નામ અને સરનામાં લીક કરી રહી છે.

ઈન્ડેને ઓલ્ડરસનનું આઈપી બ્લોક કર્યુ તે પહેલાં ૧૧૦૦૦ ડીલર્સના કસ્ટમર ડેટાને શોધી કાઢ્યો હતો.માહીતી વેચવાનો પણ એક ધંધો દેશમાં ચાલી રહ્યો છે.કોણ અટકાવી શકશે આ બધી પ્રક્રિયાને,કારણકે ચોરીમાં બધા જ સાથે મળ્યા છે.

# ભારતને તેની આત્મરક્ષા કરવાનો અધિકાર છે અને તેઓ કોઈપણ પગલાં ભરે તો અમે તેની સાથે છીએ : અમેરિકા

જમ્મુ-કાશ્મીરના પુલવામાં થયેલ આતંકી હુમલા પછી ભારત આ માટે જવાબદાર જૈસ-એ-મહોમ્મદને તેના કાયરતાભર્યા કૃત્યનો જવાબ આપવા તૈયારી કરી રહ્યો છે ત્યારે અમેરિકા સહિત વિશ્વના તમામ દેશો ત્રાસવાદ સામે લડવા ભારતની સાથે અડીખમ ઊભા છે. અમેરિકાના રાષ્ટ્રીય સલાહકાર જોન બોલ્ટને સાફ કહ્યુ હતું કે ભારતને તેની આત્મરક્ષા કરવાનો અધિકાર છે અને આ મામલે ભારત કોઈપણ પગલાં ભરે તો અને તેની સાથે છીએ. આમ અમેરિકાએ આતંકવાદ વિરુધ્ધ બારતના કોઈપણ આક્રમક પગલાંને ટેકો આપ્યો છે. હુમલાના ગુનેગારોને સજા કરાવવા ભારતને તમામ પ્રકારની મદદ કરવાની તેમણે ખાતરી આપી હતી. ડોભાલ અને બોલ્ટને પ્રતિબધ્ધતા દર્શાવી હતી કે તેઓ સાથે મળીને પાકની જમીન પર ધમધમતા આતંકીઓના અડ્ડાઓનો નાશ કરશે. ભારત અને અમેરિકાએ સાથે સંયુક્ત રાષ્ટ્રમાં મસુદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાના પ્રયાસો ઝડપી બનાવવાની વાત કરી હતી.

# મેકસિકો સરહદ વિવાદ : ટ્રમ્પ સામે ૧૬ રાજ્યોએ કેસ કર્યો

અમેરિકાના ૧૬ રાજ્યોએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સરકાર પર કેસ કર્યો છે.આ રાજ્યોનું કહેવું છે કે મેકસિકો સરહદે દિવાલ બનાવવા માટે ફંડ એકત્ર કરવા માટે ટ્રમ્પે ઈમરજન્સી લાગુ કરવાનો નિર્ણય બંધારણનું ઉલ્લંઘન છે. ટ્રમ્પે ૧૫ ફેબ્રુઆરીના રોજ અમેરિકામાં ઈમરજન્સી લાગુ કરવાની જાહેરાત કરી હતી.

કેલીફોર્નિયાની ફેડરલ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિનો કટોકટી લાદવાનો આદેશ પ્રેઝન્ટમેન્ટ કલોઝ અને એપ્રોપ્રીએશન્સ કલોઝનો વિરોધ કરે છે. પ્રેઝન્ટમેન્ટ કલોઝમાં વિધાનસભા પ્રક્રિયાની વાત કરવામાં આવી છે. તેમજ એપ્રોપ્રિએશન કલોઝમાં સાર્વજનિક ફંડની ફાળવણી માટે કોંગ્રેસ(અમેરીકી સંસદ)ને અંતિમ સંસ્થા ગણવામાં આવી છે.કેલીફોર્નિયામાં એટોર્ની જનરલ ઝેવિયર બેસેરાએ જણાવ્યુ હતું કે તેઓ તેમજ અન્ય રાજ્યો ટ્રમ્પના આદેશ પર કાયદાકીય કાર્યવાહી એટલા માટે કરી રહ્યા છે કે તેમણે મીલીટરી યોજનાઓ, કટોકટી ભંડોળ અને અન્ય જરુરી કાર્યો માટે અનામત રખાયેલા ફંડનો ખર્ચ થવાની ચિંતા છે. જે રાજ્યોએ ટ્રમ્પ વિરુધ્ધ કેસ દાખલ કર્યો છે તેમાં કેલિફોર્નિયા,કોલોરાડો, કનેક્ટીકટ, ડેલાવેયર,હવાઈ, ઈલીનોય,મેન, મેરીલેન્ડ, મિશિગન,મિનિસોટા, નેવાડા, ન્યુજર્સી,ન્યુ મેકસિકો, ન્યુયોર્ક,, ઓરેગન અને વર્જીનીયાનો સમાવેશ થાય છે.રાજ્યોએ પોતાની ફરિયાદમાં જણાવ્યુ છે કે સરહદે દીવાલ બનાવવા માટે વધુ ફંડની જરુર અમેરિકી બંધારણનું ઉલ્લંઘન છે. ટ્રમ્પ દ્વારા દેશમાં કટોકટી લાદવાનો નિર્ણય દેશને બંધારણીય કટોકટી લાદવાનો નિર્ણય દેશને બંધારણીય સંકટ તરફ ધકેલશે તેમ રાજ્યોએ જણાવ્યુ હતું.

ખુદ ટ્રમ્પની રિપબ્લીકન પાર્ટીમાં પણ વિરોધના સુર સંભળાવા લાગ્યા છે. તેમની પાર્ટીના અનેક સેનેટરોએ ટ્રમ્પના નિર્ણય વિરુધ્ધ મોરચો માંડ્યો છે.ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા કેટલાક મહિનાઓથી મેકસિકો સરહદે એક દિવાલ બનાવવાની માંગ કરી રહ્યા છે. જેથી અમેરિકામાં ગેરકાયદે ઘુસણખોરી રોકી શકાય.

## જાણવા જેવું !

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ફાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે

# રાષ્ટ્રવાદ અને સંગીતને ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી, આ સંદેશો સ્પષ્ટ છે

સંગીતને રાષ્ટ્ર,ધર્મ પ્રદેશ કે ભાષાના કોઈ સીમાડા ન નડવા જોઇએ. સંગીતને મર્યાદામાં બાંધી ના શકાય,તે સમગ્ર માનવતાને ઝંકૃત કરે છે. હિન્દુ કટ્ટરતાવાદીઓએ કર્ણાટકી સંગીતકાર ટી.એમ.ક્રિશ્નાને ભાગ લેવા અટકાવ્યા પછી દિલ્હી કોન્સર્ટ મુલત્વી રાખવી પડી.તેમનો વાંક એટલો હતો કે તેમણે તેમના સંગીતમાં અનેકવાર ખ્રિસ્તી અને મુસ્લીમ થીમનો સમાવેશ કર્યો હતો.ખરેખર, તો આ સર્વ સમાવેશી પ્રયાસ હતો. જેણે હંમેશા ભારતીય સંગીત અને સંસ્કૃતિને જીવંત રાખ્યા છે. શાશક ભાજપ પર આ કટ્ટરવાદીઓનો એવો પ્રભાવ છે કે કોન્સર્ટના સ્પોન્સર સ્પિક મેકે અને એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયાએ કટ્ટરવાદી પરીબળો સામે ઝુકવું પડ્યું. આ તો સાંસ્કૃતિક પાશવતા કહેવાય.

આવા ત્રાસવાદ સામે જવાહરલાલ નહેરુ ચોક્કસ રોષે ભરાયા હોત. પણ રાહુલ ગાંધી અને ડરપોક કોંગ્રેસી નેતાઓ તરફથી કોઈ પ્રત્યાઘાત ન આવ્યો કારણ કે સોફ્ટ હિંદુત્વ અપનાવવાની લ્હાયમાં તેમણે નહેરુવાદી બિનસાંપ્રદાયિકતાને તિલાંજલી આપી દીધી છે.સદ્‌નસીબે દિલ્હી રાજ્ય પર શાસન કરનાર આમ આદમી પાર્ટીએ ક્રિશ્નાને તેમની કોન્સર્ટ માટેવૈકલ્પીક મંચ પુરો પાડવા મદદ કરી.

હિન્દુ કટ્ટરવાદીઓએ અનેક કલાકારોને ઝુકાવી નાંખ્યા છે.પણ ક્રિશ્ના નહીં. ક્રિશ્ના કહે છે કે ટ્રોલ આર્મીને સત્તા પર બેઠેલાઓ શરણ આપે છે. મારી સામાજિક સ્થિતિ, રાજકારણ અંગે મારા વિચાર અને ભાજપ શાસન સામે મારી નારાજગીના મુદ્દે ઘણા લાંબા સમયથી મને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.હું પ્રત્યેક સ્વરુપમાં માનું છું. અલ્લાહ,ઇશુ અને રામ,કોઇ ફરક નથી.આ બહુભાષીય અને બહુ ધાર્મિક દેશ છે. હું ક્રિશ્નાની હિંમતને દાદ આપું છું.કોન્સર્ટ મુલતવી રહ્યા પછી ક્રિશ્નાએ ટ્વિટ કર્યું, જીસસ પરના કર્ણાટકી કંમ્પોઝીશનના સંદર્ભમાં અનેક લોકોએ સોશિયલ મીડીયામાં વ્યક્ત કરેલી અભદ્ર પ્રતિક્રિયા અને ચેતવણીઓને ધ્યાનમાં લેતાં હું જાહેર કરુ છું કે હું દર મહિને જીસસ કે અલ્લાહ પર એક કર્ણાટકી ગીત રીલીઝ કરીશે.તમામ સંગીતકારો અને કલાકારોએ ક્રિશ્નાના આ વલણને બિરદાવવું જોઇએ.આનાથી આ જ કોન્સર્ટમાં ભાગ લેનાર નર્તકી સોનલ માનસિંહે એક લેખમાં સરકારની તરફેણ કરી હતી. (ભાજપ સરકાર સોનલ માનસિંહને રાજ્યસભામાં સભ્યપદે નોમિનેટ કરી ચુકી છે એ કોઇ યોગાનુયોગ નથી.)

હિન્દુસ્તાની સંગીતનો વારસો ભવ્ય છે. અને તેના મુળીયા ઉંડા છે.જે અનેક માટે પ્રેરણા સ્રોત્ર છે.સિતાર એ પર્શિયન સિતાર(ત્રણ દોરીવાળું વાદ્ય ) સરોદનું મુળ અફઘાન રુબાબમાં છે અને હાર્મોનિયમનો ઉદ્‌ભવ એકોર્ડિયનમાંથી થયો છે. એનાથી વાદ્ય કંઇ મુસ્લીમ,ખ્રિસ્તી કે વિદેશી નથી થઇ જતાં.તેઓ હિંદુસ્તાની સંગીતનો હિસ્સો છે.હિન્દુસ્તાની સંગીત માટે બિસમિલ્લાહખાન અને અમજદઅલી ખાન પણ રવિશંકર કે હરિપ્રસાદ ચોરસીયા જેટલાં જ જરુરી છે પછી તેમનો ધર્મ ગમે તે હોય.ઉત્તર ભારતીયો કદાચ દક્ષિણ કર્ણાટકી સંગીતની સમાવેશી ક્ષમતાથી માહિતગાર નહીં હોય. શાસ્ત્રીય સંગીતને મહદ અંશે પરંપરાગત અને પરિવર્તન માટે પ્રતિકારક તરીકે જોવામાં આવે છે.પણ બ્રિટિશ રાજમાં શોધાયેલું વાયોલિન કર્ણાટકી સંગીતનું એવું અભિન્ન અંગ બની ગયું છે કે તેના અનુયાયીઓને એમ કહેવામાં આવે છે કે વાયોલિન તો વિદેશી શોધ છે તો તેઓ તોડફોડ કરી બેસે.

જયારે પ્પલાપુ શ્રીનિવાસે કર્ણાટકી સંગીત રચવા મેન્ડોલિનનો ઉપયોગ શરુ કર્યો ત્યારે દક્ષિણ ભારતીય શ્રોતાઓ ખુશ થઇ ગયા હતા. તેઓ મેન્ડોલીયન શ્રીનિવાસના હુલામણા નામે પ્રખ્યાત થયા.આજે કાદરી ગોપાલનાથ સેક્સોફોન પર કર્ણાટકી સંગતીના અગ્રણી વાદક છે.હિન્દુ કટ્ટરવાદીઓથી વિપરિત આ સંગીતકારો જાણે છે કે સંગીત અને સંગીતના સાધનોને કોઇ સરહદ નથી.

ભજન અને ભલે હિન્દુ ધર્મનું સંગીત કહેવાયું હોય, પણ મુસ્લીમોએ અનેક સુંદર ભજનો ગાયા છે.મોહમંદ રફી સર્વકાલીન ભજન ગાયકોમાંના એક હતા. કદાચ ફિલ્મના ઇતિહાસનું સૌથી પ્રસિધ્ધ ભજન ઓ દુનિયાકે રખવાલે(બૈજુ બાવરા)છે. તેનું સંગીત નૌશાદઅલીએ કંમ્પોઝ કર્યુ હતું. શકીલ બદાયુનીએ લખ્યું હતું. અને રફીએ ગાયું હતું. આ ત્રણ મુસ્લીમોએ તૈયાર કરેલુ ભજન હિન્દુઓ ખુબ ભક્તિભાવથી ગાય છે કારણ કે સંગીતને કોઇ સીમા,બંધનો નડતા નથી.

૫૦ ના દાયકાની ફિલ્મ અમરનું ગીત ઇન્સાફ કા મંદિર હે મારુ મનગમતુ ભજન છે.આગીતનું સંગીત પણ નૌશાદઅલીએ કંમ્પોઝ કર્યુ હતું. શકીલ બદાયુનીએ લખ્યું હતું અને રફીએ ગાયું હતું. વળી ફિલ્મના નિર્માતા મહેબુબખાન, ત્રણેય મુખ્ય કલાકારો દિલિપકુમાર(યુસુફ ખાન) મધુબાલા (મુમતાઝ જહાં) અને નિમ્મી(નવાબ બાનો) પણ મુસ્લીમ હતા.શું આ કારણોસર ભજનની ગુણવત્તા પર કોઇ અસર પડી.ના આ ગીતો ફરી એ પુરવાર કરે છે કે સંગીત કોઇ વાડામાં બંધાયેલું હોતું નથી. સંસ્કૃતિના કટ્ટર ઠેકેદારો આપણને હિન્દુ કટ્ટરવાદ ના તાલે નચાવવા માંગે છે.દર વર્ષે ૨૯ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં વિજય ચોક પર યોજાતો બિટિંગ રિટ્રીટ એ દેશનો સૌથી રાષ્ટ્રવાદી સંગીત કાર્યક્રમ છે. જેમાં સશસ્ત્ર દળો ભાગ લે છે. દ વર્ષે આ બેન્ડ કવિ ઇકબાલે લખેલું સારે જહાંસે અચ્છા વગાડે છે.તેઓ એબાઇડ વીથ મી પણ વગાડે છે.જે ગાંધીજીનું ફેવરીટ ખ્રિસ્તી ગીત છે.સંદેશો સ્પષ્ટ છે કે રાષ્ટ્રવાદ અને સંગીતને ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી.

સ્વામીનાથન એસ.ઐયર
(સૌજન્ય સંદેશ )

---

દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.

ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.

# આતંકવાદ સામે લડવા માટે તમામ વિપક્ષો સરકારની પડખે

પુલવામાંમા થયેલા આતંકી હુમલામાં સીઆરપીએફના ૪૦ જેટલા જવાનો શહીદ થયા,તે પછી આત્મઘાતી હુમલા પછી આતંકવાદ અને આતંકીઓ સાથે કેવી રીતે લડવું તેની રણનીતી ઘડવા માટે સંસદભવનમાં સર્વ પક્ષીય બેઠક મળીહતી. આ બેઠકમાં આક્રોશભર્યા સુર સાથે તમામ વિરોધપક્ષોએ આ સંકટમાં સરકારની પડખે હોવાનો જુસ્સો વ્યક્ત કર્યો હતો.

હુમલાની તમામ પક્ષોના નેતાઓએ ભારે દુઃખદર્દ સાથે નિંદા કરી હતી. અને આતંકવાદ સામે લડવા ૩ મુદ્દાનો ઠરાવ પસાર કરાયો હતો.બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહે હુમલા અંગેની વિગતો રજુ કરી હતી.કોગ્રેસના નેતા ગુલામનબી આઝાદે કહ્યુ હતું કે આતંક સામે લડવા માટે સેના અને સરકારની સાથે તેઓ અને તેમનો પક્ષ મજબુતીથી ઉભો છે.

# ચુંટણીની તારીખ પર રમઝાન મુદ્દે રાજનીતિ ન કરો:ઓવૈસી

મુસ્લીમોના પવિત્ર રમઝાન મહિનામાં ચુંટણીની તારીખ આવતી હોવાથી રાજકીય નિવેદનબાજી તેજ થઇ છે.કેટલાક મુસ્લીમ નેતાઓ અને મૌલવીઓએ રમઝાન મહિનામાં વોટીંગ કરવાના મુદ્દે સવાલો પેદા કર્ય છે. બીજી તરફ ઓલ ઇન્ડીયા મજલિસ-એ -ઇતેહાદુલ મુસ્લીમીનના અધ્યક્ષ અને હૈદ્રાબાદના સાંસદ અસદુદીન ઓવૈસીએ કહ્યું કે આ મામલે રાજનીતી ના કરવી જોઇએ. રમઝાન મહિનામાં ચુટણી હોવી એ સારી વાત છે.અને મુસ્લીમો આ મહિનામાં વધારે વોટીંગ કરશે. તેમણે વધુમાં કહ્યુ હતું કે રમઝાનમાં ચુટણીનું અમે સ્વાગત કરીએ છીએ.રમઝાનમાં રોજા રાખશે એ વોટ કરવા જશે. રમઝાનમાં વોટીંગ પર કોઇ અસર થશે નહી. આ મામલે રાજનીતી કરવામાં આવે તે યોગ્ય નથી.આ બિનજરુરી વિવાદ પેદા કરવામાં આવી રહ્યો છે.

# ભારત હુમલો કરશે તો વળતો પ્રહાર કરવાની પાક.વડાપ્રધાનની ધમકી

પાકિસ્તાની વડાપ્રધાન ઇમરાનખાને ભારતને ભરોસો અપાવ્યો હતો કે ભારતના પુલવામાંમાં થયેલા આતંકી હુમલામાં કાર્યવાહીને લાયક ગુપ્ત માહિતી આપે તો કાવતરાખોરો સામે કાર્યવાહી કરવામાં આવશે.જો કે તેની સાથે જ તેમણે ધમકીના સુરમાં એમ પણ કહ્યુ હતું કે તેમના દેશની સામે કોઇપણ કાર્યવાહી કરાશે તો તેનો યોગ્ય જવાબ પણ અપાશે.આ સાથે જ તેમણે કહ્યુ હતું કે હું સ્પષ્ટ કહું છું કે આ નવું પાકિસ્તાન છે અને એક નવી માનસિકતા સાથેનું છે.સાથે સાથે ઇમરાનખાને કહ્યુ હતું કે પાકિસ્તાન એશિયા ખંડમાં સ્થિરતા ઇચ્છે છે અને પાકિસ્તાનને દોષિત ઠેરવીને લોકોના મત હાંસલ કરવું સહેલું બની જશે.કાશ્મીરમાં જ્યારે કોઇપણ ઘટના બને છે તો પાકિસ્તાનને જવાબદાર ઠેરવી દેવાય છે. અને પાકિસ્તાનને વારંવાર બલીનો બકરો બને છે. તેમ જણાવીને તે તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે બહેતર સમજ વિકસિત થશે અને ભારત વાર્તા માટે તૈયાર થશે. અફઘાનિસ્તાનની જેમ કાશ્મીર મુદ્દો પણ વાર્તા થકી ઉકેલવામાં આવશે.આ હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના કોઇ આધાર હોય તો જણાવો જેથી કાર્યવાહી કરી શકાય.હું તમને ભરોસો આપું છું કે અમે કાર્યવાહી કરીશું. તેમણે કહ્યુ કે જંગ શરુ કરવાનું અમારા હાથમાં નથી. આ સહેલું છે પરંતુ તેનો અંત લાવવો સહેલો નથી.


ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# પાકિસ્તાને આતંકીઓ સામે ગંભીરતાથી કાર્યવાહી કરી નથી : ન્યુયોર્ક ટાઇમ્સ

અમેરિકાના અખબાર ન્યુયોર્ક ટાઇમ્સે કહ્યુ છે કે પાકિસ્તાને ભારત પર હુમલા કરનારા આતંકવાદી જુથો પર ક્યારેય ગંભીરતાથી કાર્યવાહી કરી નથી.અખબારે પોતાના લેખ 'પિસ ઈઝ વ્હેર એ ન્યક્લિયર એક્સચેન્જ ઈઝ મોસ્ટ લાઈકલી(ઈટ્સ નોટ નોર્થ કોરીયા)'માં લખ્યુ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણું યુધ્ધનું જોખમ યથાવત છે. અને તેનો લાંબાગાળાનો ઉકેલ આંતરરાષ્ટ્રીય દબાણ વિના શક્ય નથી. દરમિયાન અમેરિકન વિદેશ મંત્રાલયે ફરી એકવાર ભારતમાં પુલવામાં એટેક મામલે પાકિસ્તાનને આતંકી જુથો વિરુધ્ધ કાર્યવાહી કરવા કહ્યુ છે. અમેરિકાએ કહ્યુ છે કે પાકિસ્તાન આતંકવાદી સંગઠનો વિરુધ્ધ કાયમી અને સતત કાર્યવાહી કરે.

ન્યુયોર્ક ટાઇમ્સના અનુસાર ભારત અને પાકિસ્તાન વચ્ચે ગત સપ્તાહે સબંધોમાં જે તંગદીલી વ્યાપી હતી અને જ્યારે જ્યારે બંને દેશોએ પોતાના મુખ્ય મુદ્દે એટલે કે કાશ્મીર અંગે સમાધાનનો ઈન્કાર કર્યો છે ત્યારે ત્યારે તેઓને મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.ન્યુયોર્ક ટાઇમ્સે લખ્યું છે કે હવે પછી આ પ્રકારના તણાવનો ઉકેલ શાંતિ પુર્ણ રીતે નહીં આવે.ન્યુયોર્ક ટાઇમ્સે લખ્યું છે કે પાક અધિકારીના કહેવા પ્રમાણે તેમણે જૈશ એ મોહમ્મદના વડા મસુદ અઝહરના ભાઈ સહિત વિવિધ આતંકી જુથોના ૧૨૧ સભ્યોને કસ્ટડીમાં લીધા છે. અને યુએનની આતંકીઓની યાદીમાં સામેલ આંતકીઓની સંપત્તિ જપ્ત કરવાની યોજના બનાવી છે.પણ પાકિસ્તાને ભાગ્યે જ આવા વચનો નિભાવ્યા છે.દરમિયાન અમેરિકાએ ફરી એકવાર પાકિસ્તાનને કહ્યુ છે કે તે આતંકવાદી સંગઠનો વિરુધ્ધ આકરી કાર્યવાહી કરે.અમેરિકન વિદેશ મંત્રાલયે કહ્યુ હતું કે અમે પાકિસ્તાનને કહ્યું છે કે તે પાતની ભુમિ પર આશ્રય પામી રહેલા આતંકી સંગઠનો વિરુધ્ધ કાયમી અને સતત કાર્યવાહી કરે. પાકિસ્તાન પુલવામાં એટેક પછી વૈશ્વિક દબાણ હેઠળ છે ત્યારે અમેરિકન વિદેશ મંત્રાલયના ઉપપ્રવક્તા રોબર્ટ પલાડિનોનું આ નિવેદન આવ્યું છે.

# રફાલ સોદાની ફાઇલો ચોરાઇ ગયાનું કોર્ટને સરકાર દ્વારા કહેવામાં આવ્યુ હવે પલ્ટી મારતાં કહ્યુ દસ્તાવેજો ચોરાયા નથી પરંતુ તેની ઝેરોક્ષ થઇ છે

રફાલ સોદામાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન આ અંગેના દસ્તાવેજો ચોરાઈ ગયા છે તેવું કહેનારા કેન્દ્ર સરકારના એટર્ની જનરલ એક દિવસ પછી પલ્ટી મારતાં કહ્યુ હતું કે દસ્તાવેજો ચોરાયા નથી પરંતુ તેની ઝેરોક્ષનો ઉપયોગ થયો છે.સંરક્ષણ મંત્રાલયમાંથી દસ્તાવેજોની ચોરી થઈ છે અને પીટીશનરોએ તેનો ઉપયોગ કર્યો છે તેથી તેમને ચોર સાબિત કરવા મથતી સરકાર ફરી પાછી જુઠના પેતરા પર ઉતરી પડી.કેન્દ્રીય મંત્રીમંડળના અનેક લોકો આ મામલે જુદા જુદા નિવેદનો આપી ચુક્યા છે. આ દસ્તાવેજો નકલી છે ખોટા છે બનાવટી છે વિગેરે નિવેદનો કર્યા પછી ચોરાઈ ગયા છે અને હવે તેની ઝેરોક્ષ કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટમાં સરકાર વતીથી કેસ સંભાળતાં વકીલોમાં એટર્ની જનરલ જેવા સીનીયર વકીલો આવી દલીલો કરી અને પાછી ફેર બદલ કરે અને તેમનું જુઠ પકડાઈ જાય ત્યારે તેમને કેટલી શરમ મહેસુસ કરવી પડતી હશે તેની કોઈ કિંમત આંકી શકાય નહી. પરંતુ જે લોકો આ કરાવે છે તે કાયદા વિભાગ કે તેના ઉચ્ચ સ્તરીય પર બેઠેલા લોકો આવી નિમ્ન કક્ષાની રજુઆત કરીને ભાજપ ને સરકાર બેઉને બેઆબરુ કરે છે.આ પહેલા રફાલ કેસમાં બે જબરજસ્ત ખોટી રજુઆત કરીને સુપ્રીમ કોર્ટને ગેરમાર્ગે દોરવામાં આવી હતી તેનાથી સહુ કોઈ વાકેફ છે.સીએજી રીપોર્ટ અને સંસદમાં પેશ થઈ ચુક્યો છે જેવી વાતો રજુ કરીને સુપ્રીમ કોર્ટે ગેરમાર્ગે દોરી હતી.એક ખોટુ છુપાવવા માટે અનેક જુઠી બાબતો ઉભી કરવી એને પરિણામે સત્ય સાબિત થઈ શકતું નથી ઉપરથી વધુ ફસાતા જવાય છે.

જ્યારે વેણું ગોપાલે સુપ્રીમ કોર્ટમાં રફાલ યુધ્ધ વિમાનોના સોદા અંગેના દસ્તાવેજો સંરક્ષણ મંત્રાલયમાંથી ચોરાયા છે એવું કહેતા રાજકીય હોબાળો મચી ગયો હતો.કોગ્રેસ પ્રમુખે કહ્યુ હતું કે આવા સંવેદનશીલ દસ્તાવેજોની ચોરી બાબતે ક્રિમિનલ ઈન્વેસ્ટી ગેશન થવું જોઈએ તેવી માંગ કરી હતી.ત્યારબાદ ડેમેજ કંન્ટ્રોલના ભાગ રુપે સરકારે બચાવમાં દસ્તાવેજો ચોરાયા નથી પરંતુ તેની ઝેરોક્ષ થઈ છે અને તેનો ઉપયોગ કરાયો છે તેવી રજુઆત કરી હતી.હવે સરકારે હિન્દુ અખબારને ઓફિશ્યલ સિક્રેટ એક્ટ અંતગર્ત કેસમાં સંડોવશે


## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઈ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઈક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઈ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)




## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.